# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

તા:-૦૧/૦૩/૨૦૨૪

## જાહેર નિવેદન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં યોજાનાર ધો-૧૦ અને ધો-૧૨ ની જાહેર પરીક્ષા વિશે અફવાઓ અને બનાવટી માહિતી પ્રસારિત કરવા સામે કટિબદ્ધતા.

1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષા તા: ૧૧/૦૩/૨૦૨૪ થી તા:૨૬/૦૩/૨૦૨૪ દરમિયાન યોજાનાર છે. બોર્ડ દ્વારા પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં અને ગેરરીતિવિહીન યોજાય તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરેલ છે.
2) પરીક્ષાના સમય દરમિયાન અનૈતિક તત્વો દ્વારા યુટ્યુબ, ફેસબૂક, વોટ્સએપ, ટેલિગ્રામ, ઇન્સ્ટાગ્રામ અને અન્ય સોશીયલ મીડીયાના માધ્યમથી બોર્ડની જાહેર પરીક્ષાના પ્રશ્નપત્ર લીક થવા અંગે અફવા ફેલાવવી અને પરીક્ષાનું પ્રશ્નપત્ર સાચું હોવાનો ખોટો દાવો કરતા હોય છે.
3) આવા તત્વો પ્રશ્નપત્રોની નકલી લિંક ફેલાવે છે અને વિદ્યાર્થીઓ અને વાલીઓને આવા નમૂનાના પ્રશ્નપત્રમાંથી બોર્ડની જાહેર પરીક્ષાના પ્રશ્નપત્રમાં પ્રશ્નો હશે તેવી ખોટી માહિતી પણ રજૂ કરે તેવી શક્યતાઓ રહે છે. જેથી આવી બાબતોથી વાલીઓ અને વિદ્યાર્થીઓએ સાવધાની રાખવી જરૂરી છે.
4) આવા તત્વો બોર્ડની જાહેર પરીક્ષાના પ્રશ્નપત્રો હોવાનો દાવો કરીને લોકો પાસેથી નાણાકીય લાભ મેળવવાની કોશિશ કરતા હોય છે.
5) આવા વ્યક્તિ/વ્યક્તિઓ/જૂથો/ એજન્સીઓ ભોળા વિદ્યાર્થીઓ અને વાલીઓને છેતરીને નાણાંની માંગણી પણ કરી શકે. આવી બેજવાબદારીપૂર્વકની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થી અને વાલી સમાજમાં મૂંઝવણ, ચિંતા અને ગભરામણ પેદા થઇ શકે છે.

6) બોર્ડ દ્વારા આવા નકલી સમાચાર અને અફવાઓ ફેલાવનારાઓને પોલીસની મદદથી ઓળખીને તેમની સામે પગલાં લેવામાં આવશે.

7) બોર્ડ IPC અને IT ACT ની વિવિધ જોગવાઇઓ હેઠળ સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર ન્યુઝ ફેલાવવામાં સામેલ વ્યક્તિઓ સામે કડક પગલાં લેવા માટે કાયદાનું અમલીકરણ કરનાર એજન્સીઓની મદદથી પરિસ્થિતિ પર દેખરેખ રાખે છે.

8) બોર્ડ વાલીઓને વિનંતી કરે છે કે પરીક્ષા માટે આપનું સંતાન આવી અફવાઓ પર વિશ્વાસ ન કરે અને આવા નકલી સમાચારો ફેલાવવામાં સામેલ થાય નહીં તેમજ બોર્ડની જાહેર પરીક્ષા દરમ્યાન બોર્ડે નિયત કરેલ પરીક્ષા સંબંધી નિયમોનું પાલન કરે અને કોઇપણ જાતની ગેરરીતિથી અને ખોટી અફવાઓથી ગેરમાર્ગે દોરાય નહિ.

9) બોર્ડની જાહેર પરીક્ષાઓ દરમ્યાન આવા અનઅધિકૃત સમાચારો અને અફવાઓથી જાહેર જનતા સજાગ રહે અને પરીક્ષાની પવિત્રતા જળવાય તે માટે કોઇપણ પ્રકારના સંદેશા વ્યવહાર દ્વારા આવી માહિતી ન ફેલાવવા તાકીદ કરવામાં આવે છે.

10) બોર્ડની જાહેર પરીક્ષાઓ સંબંધિત કોઇપણ પ્રકારના વાંધાજનક સમાચારો સોશિયલ મિડીયા કે અન્ય કોઇપણ માધ્યમથી મળે તો મહેરબાની કરીને બોર્ડના gsebexamcontrol@gmail.com પર E-mail અથવા બોર્ડના કન્ટ્રોલ રૂમ નંબર 9909038768/ 7567918968/ 7567918938 પર કે જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના કન્ટ્રોલ રૂમ ખાતે જાણ કરશો.

(એમ. કે. રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર